## (૧) ગુજરાત જાહેર સેવા પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) અધિનિયમ ૨૦૨૩ની મુખ્ય જોગવાઈઓ :-

ગુજરાત જાહેર સેવા પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) અધિનિયમ ૨૦૨૩ અમલમાં લાવવામાં આવેલ તે પહેલાં પેપર લીક બાબતે અન્ય કોઇ જોગવાઈઓ ન હોવાના કારણે આઇ.પી.સી.ની કલમો ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૯, ૪૦૮, ૪૦૬, ૩૮૧, ૩૭૯, ૨૦૧, ૧૧૪ વિગેરે તથા આઇ.ટી.એકટની કલમ – ૬૬, ૭૦ અને ૭૨ હેઠળ ગુનાઓ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવતી હતી. પરંતુ ઉપરોકત કાયદો અમલમાં લાવ્યા બાદ આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓ નીચે મુજબ છે.

| **કલમ** | **સજા** |
|---|---|
| કલમ–૧૨(૧) – પરીક્ષા સત્તામંડળ દ્વારા જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પરવાનગી આપવામાં આવેલ હોય તે વ્યકિત કે તેના લહીયા તરીકે અધિકૃત્ત કરવામાં આવી હોય તેવા પરીક્ષાર્થી દ્વારા ગેરરીતી આચરવામાં આવે તો | **ગેરરીતી આચરનાર પરીક્ષાર્થી ને ૦૩ વર્ષ સુધીની કેદ અને એક લાખથી ઓછા નહી તેટલો દંડ** |
| કલમ–૧૨(૩) – જાહેર પરીક્ષા યોજવાની જવાબદારી સોંપવામાં આવી હોય અથવા તે માટે અધિકૃત્ત કરવામાં આવી હોય કે ન હોય તેવી પરીક્ષાર્થી | **પરીક્ષાની જવાબદારી સોપવામાં આવેલ હોય તેવી વ્યકિત, કે તે સિવાયની પરીક્ષાર્થી સહિતની અન્ય વ્યકિત ને** |

| | |
|---|---|
| સહિતની કોઈ વ્યકિત કાવત્રુ કરીને અથવા અન્યથા ગેરરીતી આચરે અથવા આચરવાનો પ્રયત્ન કરે અથવા આ અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરે તો | **૦૫ વર્ષથી ઓછી નહી અને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની કેદ તથા દશ લાખ દંડ** |
| કલમ–૧૪– પરીક્ષા સત્તામંડળ સાથે કાવત્રું કરીને સંગઠીત ગુનામાં અથવા અન્યથા ગેરરીતી આચરવામાં અથવા આચરવાનો પ્રયત્ન કરવામાં અથવા આ અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરવામાં અથવા ઉલ્લંઘન કરવા સહાય કરવામાં કોઈ વ્યકિતના દોષીત ઠરે તો | **તેની મિલ્કત જપ્ત કરી તેણે મેળવેલા કોઈ લાભની વસુલાત થઈ શકે** |
| કલમ–૧૮– આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા ગુનાની તપાસ | **પોલીસ ઈન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય તેવા પણ ઈચ્છનીય રીતે નાયબ પોલીસ અધિક્ષક ધ્વારા કરવી જોઈશે.** |

## **ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈ**

| **કલમ** | **સજા** |
|---|---|
| કલમ–૧૧૨ :– જે કોઇ વ્યક્તિ સંગઠિત ગુનાહિત ટોળકી દ્ધારા કોઇ પણ પ્રકારની ચોરી કે ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવવા ટીકીટો કે જાહેર પરીક્ષાના પેપરોનું વેચાણ કરે કે લોકોમાં અસુરક્ષા ફેલાવે કે આવી પ્રકારનું કૃત્ય કરે | **૦૧ વર્ષથી ઓછી નહી અને વધુમાં વધુ ૦૭ વર્ષ સુધીની કેદ અને દંડ** |

**(૨) પ્રશ્નમાં સમાવિષ્ટ બનાવો / ગુનાની વિગત**

**સાબરકાંઠા – ૦૧**

- સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ પો.સ્ટે. એ. પાર્ટ નં. ૧૧૨૦૯૦૪૧૨૧૧૭૩૫ / ૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૪૦૯, ૪૦૬, ૪૨૦,૧૨૦બી, ૨૦૧ તા.૧૭/૧૨/૨૦૨૧
- હેડ કલાર્ક વર્ગ – ૩ માટેની તા.૧૨/૧૨/૨૦૨૧ નારોજ ગૌણ પસંદગી સેવા મંડળ દ્વારા લેવાનાર **હેડ કલાર્કની પરિક્ષાનું પેપર ૧૦ થી ૧૫ લાખ રૂપિયામાં પરિક્ષાર્થીઓને વેચાણ.**

**અમદાવાદ ગ્રામ્ય –૦૧**

- અમદાવાદ ગ્રામ્ય ધોળકા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૧૯૨૦૨૦૨૧૦૯૮૦/૨૦૨૧ આઈ.પી.સી. કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦ (બી) મુજબનો ગુનો તા.૧૦/૧૦/૨૦૨૧
- આરોપીઓ પાસે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ આયોજીત સબ એકાઉટન્ટ/સબ ઓડીટરની લેખિત પરીક્ષા**નું પેપર આરોપીઓ પાસે આવવાનું છે. તેમ કહી તે એડવાન્સ નાણાં વિદ્યાર્થી પાસેથી મેળવી લઈ પેપર નહી આપી છેતરપિંડી કરવામાં આવેલ હતી. આ પરિક્ષામાં પેપર લીક થયેલ નહોતું. પરિક્ષા સમયસર લેવામાં આવેલ હતી.**
- સદર ગુનામાં ફરિયાદી ખાનગી વ્યકિત છે અને તપાસ દરમ્યાન પેપર લીક અંગેની કોઈ વિગતો સામે આવેલ નથી સદર ગુનાના કામે ૦૮ આરોપીની ધરપકડ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ ત્યાર બાદ નામદાર

ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ ગુનાના ફરિયાદી દ્વારા રજુ થયેલ એફીડેવીટ અને ફરિયાદી અને આરોપીઓ વચ્ચે સમાધાન થતાં FIR રદ કરવામાં આવેલ છે.

**<u>સુરત ગ્રામ્ય –૦૧</u>**

- સુરત ગ્રામ્ય જીલ્લા મહુવા પોલીસ ફ.ગુ.ર.નં.૨૧૭૩/૨૦૨૧ આઇ.પી.સી. કલમ–૪૦૬, ૧૨૦ (બી), ૧૧૪ તથા આઈ.ટી.એક્ટની કલમ–૮૪(બી)(સી),૬૬ (ઇ) મુજબનો ગુનો તા.૦૮/૧૦/૨૦૨૧
- DGVCL દ્વારા ભરતી માટે કોમ્પ્યુટર ટેસ્ટ તા.૧૫/૦૭/૨૦૨૧ના રોજ લેવાયેલ હતી. તે ટેસ્ટ દરમ્યાન આરોપીઓએ એક **વોટ્સએપ ગૃપ બનાવી કોમ્પ્યુટરના પ્રશ્નપ્રત્રના સ્ક્રીન શોટ પાડી ગૃપમાં વાયરલ કરેલ.**
- જે બાબત DGVCL ના કર્મચારીઓના ધ્યાને આવતાં મહુવા પોલીસ સ્ટેશન ખાતે કોપી કેસનો ગુનો દાખલ કરાવેલ છે.
- DGVCL દ્વારા ભરતી માટે કોમ્પ્યુટર ટેસ્ટ માટે લેવાયેલ પરીક્ષા રદ થયેલ નથી

**<u>મહેસાણા –૦૧</u>**

- મહેસાણા જીલ્લાના ઉનાવા પાર્ટ એ ૧૧૨૦૬૦૭૮૨૨૦૧૪૮ ઈપીકો કલમ ૧૨૦બી, ૪૦૬, ૪૦૯, ૨૦૧, તથા આઇ.ટી.એક્ટ કલમ ૭૨ મુજબ તા.૨૭/૦૩/૨૦૨૨
- **વનરક્ષકની પરિક્ષા મીરાદાતાર સર્વોદય વિદ્યાલય, ઉનાવા ખાતેથી પ્રશ્ન પત્રની મોબાઈલમાં ફોટા પાડી વોટસેપ થી પરિક્ષાર્થીઓને પુરી પાડી ગુનો કરેલ.**

## ATS અમદાવાદ –૦૧

- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનીયર કલાર્ક હિસાબ– વર્ગ–૩ ની પરીક્ષાનું પેપર કે.એલ.હાઈટિક પ્રિંટીંગ પ્રેસ હૈદરાબાદ ખાતે છપાયેલ હતુ જે પેપર પ્રિંટીંગ પ્રેસમાં નોકરી કરતા કોઈ કર્મચારી મારફતે યેન કેન પ્રકારે મેળવી તેની ઝેરોક્ષ નકલો કરાવી પોતાના સાગરીતો મારફતે પરીક્ષાર્થીઓને વેચવાનુ ગુનાહિત કાવત્રુ રચી વડોદરા ખાતે પરીક્ષાર્થીઓને સમ્પર્ક કરી બોલાવી પેપરોની નકલો વેચવા જતાં પકડાઇ ગયેલ.

- સદર ગુનાના કામે પ્રથમ ફરીયાદ સમયે ૧૭ આરોપી હતા જે તપાસ દરમ્યાન અન્ય ૪૧ આરોપીઓના નામ ખુલતાં આ ગુનાના કુલ – ૫૮ આરોપીઓ પૈકી ૪૯ આરોપીઓને પકડવામાં આવેલ છે. ૦૯ આરોપી પકડવાના બાકી છે. હાલમાં જે આરોપીઓને પકડવાની તજવીજ ચાલુ છે.